1. રોબિન્સના મતે અર્થશાસ્ત્રની વ્યાખ્યા જણાવો.

➢ રોબિન્સના મતે, "અર્થશાસ્ત્ર એટલે માણસ પોતાની જરૂરિયાતો અને વૈકલ્પિક ઉપયોગ ધરાવતાં સાધનો વચ્ચે કેવી રીતે મેળ બેસાડે છે તેની વર્તણુકનો અભ્યાસ કરતું વિજ્ઞાન.''

2. સેમ્યુઅલસન અર્થશાસ્ત્રના અભ્યાસક્ષેત્રમાં કઈ બાબતને મહત્ત્વનું સ્થાન આપે છે?

➢ સેમ્યુઅલસન સમાજની પસંદગીઓ અને વહેંચણીના મુદાને અર્થશાસ્ત્રના અભ્યાસક્ષેત્રમાં મહત્ત્વનું સ્થાન આપે છે.

3. આર્થિક માહિતીની રજૂઆત કઈ ત્રણ રીતે કરી શકાય?

➢ આર્થિક માહિતીની રજૂઆત (1) વર્ણનાત્મક રીતે ભાષા દ્વારા, (2) આકડાઓ દ્વારા અને (3) આકૃતિ કે આલેખ દ્વારા એમ ત્રણ રીતે કરી શકાય.

4. સામાન્ય રીતે આકૃતિ કે આલેખમાં સ્વતંત્ર અને પરતંત્ર ચલ રાશિને કઈ ધરી પર દર્શાવવામાં આવે છે?

➢ સામાન્ય રીતે આકૃતિ કે આલેખમાં સ્વતંત્ર ચલ રાશિને X-ધરી (આડી ધરી) પર અને પરતંત્ર ચલ રાશિને Y-ધરી (ઊભી ધરી) પર દર્શાવવામાં આવે છે.

5. વૃત્તાંશ આકૃતિ એટલે શું?

➢ કુલ માહિતી માટે દોરવામાં આવેલ વર્તુળને તેના પેટાવિભાગોના અંશ (વૃત્તાંશ) મુજબ વિભાજિત કરતાં મળતી આકૃતિને વૃત્તાંશ આકૃતિ કહે છે.

6. માનવીની આર્થિક સમસ્યાઓના ઉકેલ માટેનું તથા માનવીના આર્થિક વર્તનનો અભ્યાસ કરતું શાસ્ત્ર કયું છે?

➢ માનવીની આર્થિક સમસ્યાઓના ઉકેલ માટેનું તથા માનવીના આર્થિક વર્તનનો અભ્યાસ કરતું શાસ્ત્ર ‘અર્થશાસ્ત્ર’ છે.

7. સંસ્કૃત શબ્દ અર્થનો ઉદ્દેશ્ય શું છે?

➢ સંસ્કૃત શબ્દ અર્થનો ઉદ્દેશ્ય ‘‘કશુંક મેળવવું" તે છે.

8. પ્રાચીન ગ્રીસમાં ઘરવખરી તથા સરસામાનનું વ્યવસ્થાપન કરવાની રીતને શું કહેવાતું?

➢ પ્રાચીન ગ્રીસમાં ઘરવખરી તથા સરસામાનનું વ્યવસ્થાપન કરવાની રીતને Economica કહેવાતું.

9. ભારતીય તત્ત્વચિંતનમાં માનવજીવનના મુખ્ય ઉદ્દેશો જણાવો.

➢ ભારતીય તત્ત્વચિંતનમાં માનવજીવનના ચાર મુખ્ય ઉદ્દેશો ધર્મ, અર્થ, કામ અને મોક્ષ છે.

10. ‘અર્થપૂર્ણ’ પ્રવૃત્તિ એટલે શું?

➢ ‘અર્થપૂર્ણ’ પ્રવૃત્તિ એટલે ’કશુંક મેળવવા’ની અપેક્ષા સાથે થતી પ્રવૃત્તિ.

11. માણસનું કર્તવ્ય શું છે?

- જીવનનિર્વાહ અને ભોતિક શુખની પ્રાપ્તિ માટે અર્થોપાર્જન કરવું તે માણસનું કર્તવ્ય છે.

12. ભારતીય ચિંતનમાં સમગ્રતયા શાનો વિચાર થતો હતો?

- ભારતીય ચિંતનમાં સમગ્રતયા માનવકલ્યાણનો વિચાર થતો હતો.

13. ભારતીય ચિંતનમાં સમગ્રતયા શાનો વિચાર થતો હતો?

- ભારતીય ચિંતનમાં સમગ્રતયા માનવકલ્યાણનો વિચાર થતો હતો.

14. માનવીના આર્થિક વર્તનનો સ્વતંત્ર વિષય તરીકે અભ્યાસ ક્યારે શરૂ થયો?

- માનવીના આર્થિક વર્તનનો સ્વતંત્ર વિષય તરીકે અભ્યાસ ઔદ્યોગિક ક્રાંતિ બાદ શરૂ થયો.

15. એડમ સ્મિથે લખેલ અર્થશાસ્ત્રના પુસ્તકનું નામ જણાવો.

- 1776માં એડમ સ્મિથે અર્થશાસ્ત્રનું સ્વતંત્ર ચિતન રજૂ કરતું પુસ્તક ‘Wealth of Nations' લખ્યું હતું.

16. અર્થશાસ્ત્રનો સ્વતંત્ર અને વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ કરવાનું બહુમાન કયા અર્થશાસ્ત્રીને મળ્યું હતું?

- અર્થશાસ્ત્રનો સ્વતંત્ર અને વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ કરવાનું બહુમાન ઍડમ સ્મિથને મળ્યું હતું.

17. આલ્ફ્રેડ માર્શલે આપેલ અર્થશાસ્ત્રની વ્યાખ્યા લખો.

- આલફ્રેડ માર્શલના મતે, “અર્થશાસ્ત્ર માણસની રોજિંદી જિંદગીના વ્યવહારોનો અભ્યાસ કરતું કલ્યાણલક્ષી શાસ્ત્ર છે.”

18. રોબિન્સના મતે અર્થશાસ્ત્ર આદર્શવાદી શાસ્ત્ર છે? જો આ ના હોય, તો તે કેવું શાસ્ત્ર છે?

- રોબિન્સના મતે અર્થશાસ્ત્ર આદર્શવાદી શાસ્ત્ર નથી, પરંતુ તે વાસ્તવવાદી શાસ્ત્ર છે.

19. અર્થશાસ્ત્ર શા માટે સામાજિક વિજ્ઞાન છે?

- અર્થશાસ્ત્ર માનવીના આર્થિક વર્તનનો અભ્યાસ કરે છે. તે કલ્યાણલક્ષી છે. વાસ્તવદર્શી છે અને તેની અભ્યાસ પદ્ધતિ વૈજ્ઞાનિક છે. તેથી તે સામાજિક વિજ્ઞાન છે.

20. આર્થિક પ્રવૃત્તિની વ્યાખ્યા જણાવો.

- જરૂરિયાતોના સંતોષ માટે વસ્તુઓ કે સેવાઓ મેળવવા આવક પ્રાપ્તિ કે ખર્ચ કરવાની પ્રવૃત્તિ એટલે આર્થિક પ્રવૃત્તિ.

21. 'ચોરી' શા માટે આર્થિક પ્રવૃત્તિ નથી?

- 'ચોરી'ની પ્રવૃત્તિમાં કોઈ વિનિમય થતો નથી. તેથી તે આર્થિક પ્રવૃત્તિ નથી.

22. શિક્ષણ મેળવવાની પ્રવૃત્તિ આર્થિક પ્રવૃત્તિ છે કે કેમ? શા માટે?

- શિક્ષણ મેળવવાની પ્રવૃત્તિ આર્થિક પ્રવૃત્તિ છે, કારણ કે શિક્ષણ મેળવવા ખર્ચ કરી સેવા આપીને નોકરી દ્વારા આવક મેળવવામાં આવે છે.

23. બિનઆર્થિક પ્રવૃત્તિ એટલે શું?

- જે પ્રવૃત્તિ અર્થ-ઉપાર્જન માટે થતી ન હોય તેવી પ્રવૃત્તિને બિનઆર્થિક પ્રવૃત્તિ કહેવાય છે.

24. આર્થિક વિશ્લેષણના વિભાગો જણાવો.

- આર્થિક વિશ્લેષણના બે વિભાગો છે : (1) એકમલક્ષી અર્થશાસ્ત્ર અને (2) સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર.

25.એકમલક્ષી અર્થશાસ્ત્ર એટલે શું?

- અર્થશાસ્ત્રના કોઈ એક એકમનો અભ્યાસ કરતા આર્થિક વિશ્લેષણને એકમલક્ષી અર્થશાસ્ત્ર કહેવામાં આવે છે. જેમ કે, કોઈ એક પેઢી કે ઉદ્યોગનો અભ્યાસ.

26. સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર'નો અર્થ લખો.

- અર્થશાસ્ત્રના સમગ્ર ક્ષેત્રનો અભ્યાસ કરે છે તેવા આર્થિક વિશ્લેષણને સમગ્રલયની અર્થશાસ્ત્ર કહેવામાં આવે છે, જેમ કે રાષ્ટ્રીય આવક, કુલ ગરીબી, કુલ બેકારી વગેરેનો અભ્યાસ.

27. એકમલક્ષી અભ્યાસ અને સમગ્રલક્ષી અભ્યાસ વચ્ચેનો સંબંધ જણાવો.

- એકમલથી અભ્યાસ સમગ્રલક્ષી નીતિ ઘડવામાં મદદરૂપ થાય છે. અને સમગ્રલક્ષી નીતિની મદદથી એકમ પર પડેલી અસરોનો અભ્યાસ થઈ શકે છે.

28. આર્થિક બાબતોના તુલનાત્મક અભ્યાસને આકર્ષક અને અસરકારક બનાવવા શાનો ઉપયોગ કરવામાં આવે છે ?

- આર્થિક બાબતોના તુલનાત્મક અભ્યાસને આકર્ષક અને અસરકારક બનાવવા આકૃતિ અને આલેખનો ઉપયોગ કરવામાં આવે છે.

29. સંબંધિત માહિતી માટે કઈ આકૃતિ અનુકૂળ છે ?

- સંબંધિત માહિતી માટે પાસપાસેની ખંભાકૃતિ અનુકૂળ છે.

30. આર્થિક જગતમાં માનવીનાં મુખ્ય સ્વરૂપો કેટલાં છે? કયાં કયાં?

- આર્થિક જગતમાં માનવીનાં મુખ્ય ત્રણ સ્વરૂપો છે : (1) ગ્રાહક, (2) ઉત્પાદક અને (3) શ્રમિક.